ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૩/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં દિવ્યાંગ બાળકોના જીવનમાં નવા રંગો ઉમેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો

**ચેમ્બર તથા ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ– સુરત, પેરાલિમ્પીક કમિટી ઓફ સુરત જિલ્લાના સંયુકત ઉપક્રમે 'તૃતિય સુરત નગર દિવ્યાંગ ચિત્ર સ્પર્ધા– ૨૦૨૦' યોજાઇ**

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ– સુરત અને પેરાલિમ્પીક કમિટી ઓફ સુરત જિલ્લાના સંયુકત ઉપક્રમે રવિવારે, ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ કલાક દરમિયાન પ્રગતિ હોલ, સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'તૃતિય સુરત નગર દિવ્યાંગ ચિત્ર સ્પર્ધા– ૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઉદ્દ્ઘાટક તરીકે સુરત શહેરના મેયરશ્રી ડો. જગદીશભાઇ પટેલ તથા મુખ્ય મહેમાન તરીકે સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સુરત મહાનગરપાલિકાની સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, નગરસેવક શ્રી અનિલભાઇ બિસ્કીટવાલા અને નગરસેવિકા શ્રીમતી રૂપલબેન શાહ ઉપસ્થિત રહયા હતા. દીપ પ્રાગટયવિધી સાથે ચિત્ર સ્પર્ધાનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ આ ચિત્ર સ્પર્ધામાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યુ હતુ કે, ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે પ્રયાસ કરતા ચેમ્બર દ્વારા સમાજને ઉપયોગી થતા કાર્યક્રમો પણ યોજાય છે. ખાસ કરીને દિવ્યાંગ બાળકોના જીવનમાં રંગ પુરવાના પ્રયાસરૂપે ગત વર્ષની જેમ આ વર્ષે પણ દિવ્યાંગ બાળકો માટે કામ કરતી સંસ્થાઓ સાથે મળીને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

મેયરશ્રી ડો. જગદીશભાઇ પટેલે જણાવ્યુ હતુ કે ચેમ્બર તથા દિવ્યાંગ પરિવારની સંસ્થાઓ દ્વારા જે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે તે દિવ્યાંગ બાળકોના જીવનમાં નવા રંગો ઉમેરવાનો સકારાત્મક પ્રયાસ છે.

સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે પણ આ ચિત્ર સ્પર્ધામાં બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે, દેશના વડાપ્રધાનશ્રી મન કી બાતમાં દિવ્યાંગોને કાયમ પ્રોત્સાહન આપે છે ત્યારે બાળકોનો ઉત્સાહ વધારવા માટે આ કાર્યક્રમ ખૂબ જ પ્રશંસનીય છે. સમાજમાં ઘણા એવા લોકો છે જેમના જીવનમાં રંગ ભરવાનો પ્રયાસો કરવા જોઇએ.

ધી સોસાયટી ફોર ફિઝીકલી હેન્ડીકેપ્ડ– સુરત અને પેરાલિમ્પીક કમિટી ઓફ સુરત જિલ્લાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મહેશચંદ્ર શાહે જણાવ્યુ હતુ કે તેમની સંસ્થા દિવ્યાંગ ભાઇ–બહેનોના કલ્યાણ માટે કામ કરતી સેવાભાવિ સંસ્થા છે. આજની ચિત્ર સ્પર્ધામાં મંદબુદ્ધિના ૮૬, બહેરામુંગાના ૪૬ અને શારીરિક ક્ષતિના ૨૮ બાળકો મળી કુલ ૧૫૮ બાળકોએ ભાગ લીધો હતો. ઉદ્ઘાટકશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આ બાળકોને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યુ હતુ અને જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સ્પર્ધાને અંતે ચેમ્બરની એનજીઓ એન્ડ સીએસઆર કમિટીના ચેરમેન શ્રી રાજેન્દ્રકુમાર જરીવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સ્પર્ધાનું સમાપન કરવામાં આવ્યુ હતુ.